# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૦/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે ત્રિદિવસીય ‘હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પો– ૨૦૨૪’નો શુભારંભ

## મુંબઇના નિષ્ણાંત તબીબો પણ સંકલન સાધીને દર મહિને સુરતમાં ઓપીડી ચલાવવા માટે વિચારી રહયા છે ત્યારે સુરત શહેરમાં સ્વચ્છતાની જાળવણી આપણી સૌની જવાબદારી છે : સુરતના મેયર દક્ષેશ માવાણી

## હોસ્પિટલોની આઉટરીચ વધી રહી છે તે સારી બાબત છે અને આ હોસ્પિટલ ગરીબ દર્દીઓ માટે અફોર્ડેબલ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે ત્યારે સુરત મહાનગરપાલિકા પણ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ બનાવવાની દિશામાં આગળ વધી રહી છે : સુરતના મ્યુનિસિપલ કમિશ્નર શાલીની અગ્રવાલ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તા. ૧૦/૦૨/૨૦૨૪થી ૧૨/૦૨/૨૦૨૪ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ‘હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પો– ૨૦૨૪’નું આયોજન કરવામાં આવ્યું છે, જેનો આજથી ભવ્ય શુભારંભ થયો છે.

'હેલ્થ એન્ડ વેલનેસ– ૨૦૨૪' એક્ષ્પોનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૦મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેમિનાર હોલ– એ, સરસાણા, સુરત ખાતે યોજાયો હતો. જેમાં ઉદ્‌ઘાટક તરીકે સુરત શહેરના પ્રથમ નાગરિક મેયર દક્ષેશ માવાણી અને મુખ્ય મહેમાન તરીકે સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર શાલીની અગ્રવાલ પધાર્યા હતા. આ બંને મહાનુભાવોના વરદ હસ્તે આ એક્ષ્પોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકાના સીડીએચઓ ડો. અનિલ પટેલ અને પબ્લીક હેલ્થ એક્ષ્પર્ટ ડો. વિકાસબેન દેસાઇએ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિશ્વમાં રાષ્ટ્રની હેલ્થકેર વ્યવસ્થાને GHS ઈન્ડેક્ષ થકી બતાવવામાં આવે છે. આ ઈન્ડેક્ષ મુજબ, વૈશ્વિક સ્તરે ભારતનો ક્રમાંક ૬૬મો છે. આ ઈન્ડેક્ષમાં મુખ્યત્વે પ્રિવેન્શન, ડિટેક્શન, રેપિડ રિસ્પોન્સ, હેલ્થ સિસ્ટમ, કોમ્પલાયન્સ વિથ ઈન્ટરનેશનલ નોર્મ્સ અને રિસ્ક એન્વાયરમેન્ટને ધ્યાને રાખી જોવામાં આવે છે. તેમાં પ્રિવેન્શન ક્ષેત્રે ભારતનો સ્કોર ૨૯.૭ છે. જે વૈશ્વિક એવરેજ ૨૮.૪ છે. ડિટેક્શન ક્ષેત્રે ભારત વિશ્વમાં ટોચ પર છે. ભારતનો ડિટેક્શન ક્ષેત્રે સ્કોર ૪૩.૫ છે, જ્યારે વૈશ્વિક એવરેજ ૩૨.૫ છે. રેપિડ રિસ્પોન્સ ક્ષેત્રે વૈશ્વિક એવરેજ ૩૭.૬ છે. જેમાં ભારતનો સ્કોર ૩૦.૩ છે. રિસ્ક એન્વાયરમેન્ટ કેટેગરીમાં ભારત ૭૩માં ક્રમે છે. આ તમામ બાબતો પુરવાર કરે છે કે, આપણે હેલ્થકેર ક્ષેત્રે હજુ ઘણો વિકાસ કરવાની જરૂર છે. વિશ્વની પાંચમાં નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા તો આપણે બની ગયા છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાની તૈયારીમાં છીએ ત્યારે ઉપરોક્ત તમામ ક્ષેત્રે આપણી રેન્કીગ સુધારવાની જરૂર છે, જેના થકી આ ક્ષેત્રે નવા રોકાણની તકો ઉભી થઇ શકે.

આ 'હેલ્થ એન્ડ વેલનેસ' પ્રદર્શન થકી મેડીકલ સંસાધનોના ઉત્પાદકોને તેમજ સર્વિસ આપનારાઓને સીધું માર્કેટ પૂરું પાડવાનો હેતુ તો છે જ પણ તેની સાથે સાથે આ એકઝીબીશનને કારણે જાહેર જનતામાં તબીબી સારવાર માટેની જનજાગૃતિ કેળવાશે અને મેડીકલ ફેટર્નિટીને પણ તેનો લાભ થશે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં કઇ હોસ્પિટલની કયા રોગ માટેની સારવાર માટે શું વિશેષતા છે? તેની જાણ સામાન્ય લોકોને થશે, જેથી કરીને તેઓ સબંધિત રોગની સારવાર માટે યોગ્ય હોસ્પિટલમાં લેતા થશે.

મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગરીબોનું જીવન ઊંચું લાવવા માટે પ્રયાસ કરી રહયા છે. ગરીબોને સપનાનું ઘર આપવા માટે તેઓએ લીધેલો સંકલ્પ તેઓ પૂરો કરી રહયા છે. ૩૧૦૦૦ આવાસોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ એકસાથે ૧૮૨ વિધાનસભામાં થયું. એવી જ રીતે ગરીબ દર્દીઓને સારામાં સારી તબીબી સારવાર મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા દ્વારા હાલમાં ૬૦૦ બેડની હોસ્પિટલનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે. જ્યારે સ્મીમેર હોસ્પિટલને ૧૨૦૦ બેડની બનાવવામાં આવશે. શહેરમાં ચાર જેટલા ઝોનમાં પણ ૫૦–૫૦ હોસ્પિટલ બનાવવાનું કામ ચાલી રહયું છે.

બીજીતરફ, જનભાગીદારીમાં ત્રણ પ્લોટ આપવામાં આવ્યા છે, જ્યાં ૪૦૦–૪૦૦ બેડની હોસ્પિટલ આગામી દિવસોમાં બનાવવામાં આવશે. આ એકઝીબીશન થકી સુરતમાં હોસ્પિટલની સેવા તથા તબીબી સારવાર વિશે વિસ્તૃત જાણકારી મેળવી શકાશે.  તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મુંબઇના નિષ્ણાંત તબીબો સંકલન સાધીને દર મહિને સુરતમાં ઓપીડી ચલાવવા માટે થનગની રહયા છે. હવે આવનારા દિવસોમાં સુરત શહેર આઇટી ક્ષેત્રે પણ નવી સિદ્ધિઓ હાંસલ કરે તે દિશામાં જઇ રહયું છે. સુરત દેશમાં સૌથી સ્વચ્છ

શહેર બન્યું છે ત્યારે લોકોની વિચારસરણી પણ બદલાઇ રહી છે, આથી શહેરમાં સ્વચ્છતાની જાળવણી આપણી સૌની જવાબદારી છે.

સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર શાલીની અગ્રવાલે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે ખૂબ જ અગત્યના ટોપિક એવા હેલ્થ અને વેલનેસ વિશે પ્રદર્શનનું આયોજન કર્યુ છે તેના માટે તેઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. સુરત શહેર સમગ્ર વિશ્વમાં ઇકોનોમિક ગ્રોથ સિટી તરીકે ઓળખાય છે ત્યારે જરૂરી છે કે સર્વાંગી વિકાસ માટે હેલ્થ અને એજ્યુકેશન પણ સાથે સાથે જ ચાલે અને આ દિશામાં પણ સુરત સમગ્ર વિશ્વમાં આગળ વધે તે આયોજનના હેતુથી આ એક્ષ્પો યોજવામાં આવ્યો છે.

હું આરોગ્યની જાળવણીમાં વિશ્વાસ કરું છું. કારણ કે, આ જ એકમાત્ર જગ્યા છે કે જ્યાં તમે જન્મથી લઇને મૃત્યુ સુધી રહેવાના છો, પરંતુ દરરોજની ભાગદોડમાં આ બાબત પાછળ રહી ગઇ છે. તેમણે કહયું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં ભારત સરકાર અને ગુજરાત સરકાર હેલ્થના ક્ષેત્રમાં ખૂબ જ ક્રાંતિકારી ઇનીશિએટીવ લઇ રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી હેલ્થ ટ્રિટમેન્ટ ઉપર તો ભાર મૂકવામાં આવે છે પણ સાથે સાથે એક નવા કોન્સેપ્ટ તરીકે હેલ્થ એન્ડ વેલનેસનો ઉમેરો કરવામાં આવ્યો છે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હવે શહેરોમાં જ નહી પણ દરેક ગામડાઓમાં મોટી સંખ્યામાં શરૂ કર્યા છે. ન્યુટ્રિશન, ફીટનેસ અને ટ્રિટમેન્ટ આ ત્રણેય પાસાઓ પર સરકાર ઘ્યાન આપી રહી છે.

ડોકટર્સ અને પેરા મેડિકલ સ્ટાફને ટ્રેઇન અને એજ્યુકેટ કરવામાં આવે છે. ભારતમાં નર્સિંગ કોલેજીસ અને પેરા મેડિકલ સ્ટાફની સંખ્યા વધી રહી છે અને બેસ્ટ મેડીકલ એક્ષ્પર્ટ સમગ્ર વિશ્વમાં ભારત આપી રહયા છે. તેમણે જણાવ્યું હતું કે, વડોદરા સુરત શહેર કરતા નાનું શહેર છે તેમ છતાં ત્યાં સુરતથી ત્રણ ગણી વધી હોસ્પિટલ અને કિલનીક છે. જો કે, છેલ્લા એક વર્ષમાં સુરતમાં ઘણી બધી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ આવી છે ત્યારે સુરતમાં મેડીકલ ક્ષેત્રે હજી ઘણો સ્કોપ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પહેલા બધા જ સરકારી હોસ્પિટલમાં બેસ્ટ અને ટ્રેઇન્ડ ડોકટરો જોવા મળતા હતા, પરંતુ હવે ટ્રેન્ડ બદલાઇ ગયો છે અને ડોકટર્સ પોતાનું પ્રાઇવેટ કલીનિક શરૂ કરતા થઇ ગયા છે, આથી હોસ્પિટલોની આઉટરીચ વધી રહી છે તે સારી બાબત છે અને આ હોસ્પિટલ અફોર્ડેબલ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. એને ઘ્યાને લઇને પ્રધાનમંત્રી આયુષમાન કાર્ડ ખૂબ જ મોટી જનોપયોગી સ્કીમ છે કે તેને કારણે કોઇપણ સારામાં સારી હોસ્પિટલમાં ગરીબ દર્દીઓ રૂપિયા ત્રણ લાખથી આઠ લાખ સુધીની સારવાર લઇ શકે છે. એવી જ રીતે પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર પણ ઘણું સારું ઇનિશીએટીવ છે ત્યારે સુરત મહાનગરપાલિકા પણ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ બનાવવાની દિશામાં આગળ વધી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારો ફોકસ બહેનોમાં સર્વાઇકલ કેન્સર, ઓરલ કેન્સર અને સ્તન કેન્સર માટે જનજાગૃતિ લાવવા પર છે. છેલ્લા એક વર્ષમાં દોઢ લાખ બહેનોની તબીબી તપાસ કરવામાં આવી હતી. બીપી, ડાયબિટીસમાં પણ કેમ્પેઇનમાં ૫ લાખ લોકોની તપાસ કરવામાં આવે છે. સિનિયર સિટીઝન માટે બધા જ પ્રકારના ડાયગ્નોસ્ટીક કરી શકાય તે માટે પ્રયાસ કરાઇ રહયો છે. એવી જ રીતે મહિલા જ્યારથી ગર્ભવતિ બને છે ત્યારે તેનું ન્યુટ્રિશન, મેન્ટલ અને ફિઝીકલ કન્ડીશન ખૂબ જ અગત્યની છે. આ દિશામાં પણ ઘણું બધું કરવા પ્રયાસો ચાલી રહયા છે. બાળક જન્મે છે ત્યાથી ન્યુટ્રિશન અને વેકસીનેશન પર શરૂઆથી જ ઘ્યાન આપીએ તો તેનું ફિઝીકલ અને મેન્ટલ સ્વાસ્થ એ પ્રિવેન્ટીવ હેલ્થની દિશામાં આગળ વધી શકીએ

છીએ. સ્કૂલના શિક્ષણમાં બાળકોને ફિઝીકલી અને મેડીકલી કેવી રીતે વિઝીલીયન્ટ બનાવે તે દિશામાં કામ કરવાનું છે.

સુરતના પબ્લીક હેલ્થ એક્ષ્પર્ટ ડો. વિકાસબેન દેસાઇએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શહેરમાં તબીબી સારવાર અને મેડીકલ સુવિધાઓની જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ વિજય મેવાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ સમારોહનું સંચાલન કર્યુ હતું. હેલ્થ એન્ડ વેલનેસ એક્ષ્પોના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ એક્ષ્પો વિશે માહિતી આપી હતી. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલા, માનદ્‌ ખજાનચી કિરણ ઠુમ્મર, ઓલ એકઝીબીશન્સ ચેરમેન બિજલ જરીવાલા, પૂર્વ પ્રમુખ પરેશ પટેલ તથા ડો. ગણેશ ગોવેકર અને ડો. દિગંત શાસ્ત્રી સહિતના તબીબો ઉપસ્થિત રહયા હતા.